Acas (એકાસ) કેવી રીતે મદદ કરી શકશે

દાવા-પૂર્વેની સમાધાન સ્પષ્ટતા

માહિતી

સલાહ

તાલીમ

તમારી સાથે કાર્ય

માહિતી

સલાહ

તાલીમ

તમારી સાથે કાર્ય

Acas (એકાસ) સમાધાન

Acas (એકાસ) એ જાહેર નાણાંનું ભંડોળ ધરાવતી સ્વતંત્ર સંસ્થા છે. અમારું કાર્ય સારા રોજગાર સંબંધોને ઉત્તેજન આપવાનું છે.

જો કોઇ વ્યક્તિ એમ માનતી હોય કે તેઓ પોતાના રોજગાર હક્કોના સંબંધમાં કોઇ દાવો ધરાવે છે[1], અને તે વ્યક્તિ અથવા તેમને કામે રાખનાર અમારી મદદ માટે પૂછશે, તો બંને માટે સ્વીકૃત ઉપાય શોધવા માટે અમે તેમની સાથે કાર્ય કરી શકીશું, આથી તેઓ ટ્રીબ્યુનલ દ્વારા સુનાવણી માટેના મુદ્દાની આવશ્યકતા ટાળી શકશે. આ પ્રક્રિયા સમાધાન તરીકે ઓળખાય છે.

વિવાદમાં મુદ્દો સાચો છે કે ખોટો તેના પર અમે નિર્ણય આપતા નથી કે પરિણામો અમે લાદતા નથી; અમે લોકોને તેમની પોતની શરતો પર તેમના ભેદભાવોનું નિરાકરણ લાવવા માટે સરળતાથી પ્રયાસ કરીએ છીએ.

કોઇ એમ્પ્લોયમેન્ટ ટ્રીબ્યુનલ સમક્ષ દાવો કરવામાં આવે તે પહેલાં સમાધાન પૂરું પૂરી પાડી શકાય છે. આ પત્રિકા દર્શાવે છે કે આ કિસ્સાઓમાં અમે કેવી રીતે મદદ કરી શકીએ.

જો તમે કોઇ ખોડખાંપણ ધરાવતા હો, તો કૃપા કરી અમને જણાવો તમારા કેસ સાથે કાર્ય કરતી વખતે તમારા માટે કોઇ ખાસ વ્યવસ્થા કરવાની હોય.

જો તમારે કોઇ દુભાષીયાના ઉપયોગ કરવાની આવશ્યકતા હોય, તો અમે લેંગ્વેજ લાઇન જે સંપૂર્ણ ખાનગી અને તટસ્થ સેવા છે તેના દ્વારા વાર્તાલાપ માટે વ્યવસ્થા કરીશું.

આ પત્રિકા વૈકલ્પિક સ્વરૂપોમાં પણ ઉપલબ્ધ થઇ શકશે. વધુ માહિતી માટે કૃપા કરી 08702 42 90 90 પર Acas (એકાસ) પબ્લીકેશનને કોલ કરો.

1 તીવ્ર વૈધાનિક રોજગાર હક્કો માત્ર એ જ કર્મચારીઓને લાગુ થશે જેઓ રોજગારના કોઇ કરાર હેઠળ કાર્ય કરતા હોય, પરંતુ અમુક હક્કો પણ ચોક્કસ કર્મચારીઓ પર લાગુ થશે જેઓ સેવાઓના કરાર પર કાર્ય કરતા હોય. આ પત્રિકામાં ઉલ્લેખ કરવામાં આવેલ 'કર્મચારી' શબ્દને જ્યાં યોગ્ય હોય તે અનુસાર કર્મચારી અને કામદારો બંનેના અર્થમાં ઉપયોગમાં લેવો. જો તમને તમારી રોજગાર સ્થિતિ વિશે અથવા તમારા માટે કાર્ય કરતી કોઇ વ્યક્તિ વિશે કોઇ શંકા હોય તો તમને કાનુની સલાહ લો તે ઇચ્છનીય છે.

2 Acas (એકાસ) કેવી રીતે મદદ કરી શકશે.

Acas (એકાસ) સમાધાનના મુખ્ય પાસાં

સલાહકર્તાઓ **તટસ્થ** છે. તેનો અર્થ છે કે તેઓ આમ કરશે નહીં:

- કર્મચારી અથવા માલિક બેમાંથી કોઇનું પ્રતિનિધિત્વ કરવું
- પક્ષો લેવા
- દાવા અથવા સંભવિત દાવાના ગુણો વિશે કોઇ સ્પષ્ટ અભિપ્રાય આપવો
- યુક્તિઓ પર સલાહ આપવી, અથવા ટ્રીબ્યુનલમાં કેવી રીતે જીત મેળવવી
- કેસનો ઉપાય લાવવા અથવા પડતો મૂકવા માટે દબાણ લાવવું.

સમાધાન **ખાનગી** છે. તેનો અર્થ છે:

- અમને જે કંઇ જણાવશો, ટ્રીબ્યુનલ સહિત જો તમે ન ઇચ્છતા હો તો તે કોઇપણને જણાવવામાં આવશે નહીં.

સમાધાન **સ્વતંત્ર** છે. તેનો અર્થ છે:

- એમ્પ્લોયમેન્ટ ટ્રીબ્યુનલથી તે સંપૂર્ણ સ્વતંત્ર છે અને જો નિરાકરણ ન આવે તો, હજુ પણ દાવો કરી શકાશે.

સમાધાન **સ્વૈચ્છીક** છે. તેનો અર્થ છે:

- કોઇપણ સમયે માલિકો અને કર્મચારીઓ સમાધાનમાં પ્રવેશ અથવા તેમાંથી મુક્ત થઇ શકે છે.
- કોઇપણ પ્રકારના પગલાં લેવા માટે કોઇ પર ફરજ પાડવાની સમાધાનકર્તા પાસે સત્તા નથી.
- સમાધાન કરારની શરતોમાં શું સમાવેશ કરવો તેના પર કોઇ બંધનો નથી (કોઇ ગેરકાનુની બાબતોનો તેમાં સમાવેશ ન થાય તેમ).

સમાધાન ઉપયોગ માટે **મફત** છે. તેનો અર્થ છે:

- તે જાહેર ભંડોળ ધરાવે છેઃ કર્મચારી અથવા માલિકને કોઇ ખર્ચા કરવાનો નથી.

દાવા-પૂર્વેની સમાધાન સ્પષ્ટતા 3

માહિતી

સલાહ

તાલીમ

તમારી સાથે કાર્ય

વિકલ્પો કયા છે?

જો કોઇ કર્મચારીને લાગે કે તેમના રોજગાર હક્કો વિશે તેઓ ફરિયાદ કરી શકશે પરંતુ હજુ એમ્પ્લોયમેન્ટ ટ્રીબ્યુનલ સમક્ષ દાવો ન કર્યો હોય, તો વધુ આગળ વધ્યા વિના મુદ્દાનું નિરાકરણ લાવવા માટે અન્ય ઉપાયો છે.

કાર્યસ્થળ પ્રક્રિયાઓનો ઉપયોગ કરવો – કર્મચારીઓ અને માલિકોએ કોઇ અન્ય વિકલ્પ વિચારતા પહેલાં આ પ્રક્રિયાનો હંમેશા ઉપયોગ કરવો જોઇએ. તે તમામ સંલગ્નો માટે સામાન્ય રીતે ઝડપી, ઓછી દબાણયુક્ત અને ઓછી ખર્ચાળ છે[2];

Acas (એકાસ) દ્વારા સમાધાન – વ્યક્તિગત રોજગાર હક્કો વિશેના લગભગ તમામ પ્રકારના સંભવિત દાવા માટે અમે સમાધાન કરી શકીએ. તેમાંના લગભગ વધુ આગળ વધ્યા વિના જ નિરાકરણ થાય છે;

ખાનગી રીતે મુદ્દાનું નિરાકરણ કરવું – માલિકો અને કર્મચારીઓ પ્રત્યક્ષ રીતે, અથવા કોઇ વ્યવસાયિક સામાધાનકર્તાની સહાયથી નિરાકરણ લાવી શકે છે, અને કોમ્પ્રોમાઇઝ એગ્રીમેન્ટ દ્વારા ચોક્કસ સંજોગોમાં ખાનગી રીતે સંભવિત દાવાનું નિરાકરણ લાવે છે.

ઉપરોક્ત દર્શાવેલ એક અથવા વધુ વિકલ્પોના પ્રયાસ બાદ પણ જો સંમતિ ઉપાય ન મળે તો, કર્મચારી હજુ પણ ટ્રીબ્યુનલમાં દાવો કરવાનું પસંદ કરી શકે છે. ઘટનાને સંલગ્ન ચોક્કસ સમયમર્યાદામાં જ દાવાઓ કરવા ફરજિયાત છે. લગભગ કેસોમાં આ ત્રણ મહિના છે.

મર્યાદિત સંજોગોમાં ટ્રીબ્યુનલ્સ થોડા સમય બાદ મુદ્દાઓ સ્વીકારી શકે છે; પરંતુ સમાધાનમાં ભાગ લેવાથી અથવા ઉપર દર્શાવેલ કોઇ અન્ય પ્રક્રિયાઓ આ માટે ભૂમિકા પૂરી પાડતી નથી. શું સમયમર્યાદા લાગુ થાય છે તેની તપાસ કરવાની અને જો તે પહેલાં મુદ્દાનું નિરાકરણ ન આવે તો દાવો કરવાનો હક્ક તેઓ ગુમાવે નહીં તેની ખાતરી કરવાની જવાબદારી કર્મચારીની છે. માલિક અથવા કર્મચારીને કોઇ શંકા હોય કે આ ખાસ કેસને કેવી રીતે અસર કરશે તો તેઓએ કાનુની સલાહ લેવી જોઇએ.

2 એમ્પ્લોયમેન્ટ ટ્રીબ્યુનલ દાવાઓનો વિષય બનતી મોટાભાગની કાર્યસ્થળ સમસ્યાઓ સાથે કાર્ય કરતી વખતે 'Acas (એકાસ) કોડ ઓફ પ્રેક્ટીસ ઓન ડિસીપ્લીનરી અને ગ્રીવાન્સ પ્રોસીજર્સ' દ્વારા નક્કી કરવામાં આવેલ સિદ્ધાંતોનું માલિકો અને કર્મચારીઓએ પાલન કરવું જોઇએ. જો પરિણામરૂપે દાવો કરવામાં આવે અને ટ્રીબ્યુનલને જણાય કે માલિક અથવા કર્મચારી કોડ ઓફ પ્રેક્ટીસનું પાલન કરવામાં અયોગ્ય રીતે નિષ્ફળ થયાં છે, તો કોઇપણ ચુકાદામાં 25 % વધારો કે ઘટાડો થઇ શકે છે.

4 ACAS (એકાસ) કેવી રીતે મદદ કરી શકશે

સમાધાન શા માટે પસંદ કરવું જોઇએ?

- **સમય અને નાણાંની બચત કરે** છે. ટ્રીબ્યુનલ દાવો તૈયાર કરવો કે જવાબ આપવો એ ખૂબ સમય માગી લે છે, અને જો ટ્રીબ્યુનલ સુનાવણી હોય તો માલિક અને કર્મચારી બંનેને રજુઆતલક્ષી ખર્ચ આવી શકે છે.

- **દબાણ ઘટાડે છે.** ફક્ત ટ્રીબ્યુનલ તૈયાર કરવી કે જવાબ આપવો તે પણ દબાણયુક્ત હોઇ શકે છે. કેસનો દાવો કરવાની કે પ્રતિકાર કરવાની પ્રક્રિયા લગભગ તમામને મુશ્કેલ જણાય છે, અને ટ્રીબ્યુનલ સમક્ષ હાજર થવું એ પીડાદાયક અનુભવ હોઇ શકે છે.

- **ઝડપી ઉપાય** અપેક્ષા રજુ કરે છે. ઘણાં કેસોની માત્ર થોડા ટેલીફોન કોલ્સ અથવા ટૂંકી મુલાકાતથી પતાવટ થઇ શકે છે, સંમતિ નિરાકરણો ત્યારબાદ વહેલી તકે લાગુ થાય છે.

- **વીન-વીન** પરિણામ લાવે છે. ટ્રીબ્યુનલમાં, કોઇ એક હંમેશા ગુમાવે છે; અને છતાં 'વિજેતા' પ્રક્રિયામાંથી તેની કે તેણીની ઇચ્છા મુજબ મેળવતા નથી.

- માલિક અને કર્મચારીને **નિયંત્રણમાં** મૂકે છે. કરાર દ્વારા નિરાકરણો આવે છે. ટ્રીબ્યુનલમાં નિર્ણય પક્ષોની મર્યાદા બહાર લેવામાં આવે છે.

- **માલિક અને કર્મચારીને અનુકૂળ** વિવાદનો ઉકેલ લાવે છે, જ્યારે ટ્રીબ્યુનલ ચુકાદાની સત્તા ધરાવે છે (જેમ કે, ટ્રીબ્યુનલ્સ આપવામાં આવેલ સંદર્ભોને આદેશ કરી શકશે નહીં, અથવા તેમાં કઇ બાબતોનો સમાવેશ થવો જોઇએ તે જણાવશે નહીં).

- સુનાવણીની **ઔપચારીકતા ટાળે છે**. જો કે ટ્રીબ્યુનલ્સ ઓછી 'કડક' અને કોર્ટ કરતાં ઓછી કાનુની હોય છે, પરંતુ તે ન્યાયીક પ્રક્રિયા તો છે જે મોટાભાગના લોકો માટે અપરીચિત અને અસહ્ય હોય છે.

- **રોજગાર સંબધોના કાયમી અંત ટાળીને તકો વધારે છે** – જો આ બાબત માલિક અને કર્મચારી મેળવવા માગતા હોય.

માહિતી

સલાહ

તાલીમ

તમારી સાથે કાર્ય

સમાધાનકર્તા શું કરશે?

સંભવિત દાવાનું કેવી રીતે નિરકારણ લાવી શકાશે તેની તપાસ માટે, સમાધાનકર્તા માલિક અને કર્મચારી સાથેના મુદ્દાઓ પર વાતચીત કરશે. મોટાભાગે આ ટેલીફોન દ્વારા કરવામાં આવશે, પરંતુ ક્યારેક સમાધાનકર્તાન અધ્યક્ષ સ્થાને એક મીટીંગ પણ સહાયક થઇ શકે છે.

જ્યાં યોગ્ય હોય, સમાધાનકર્તા આ મુજબ કાર્યો પણ કરશેઃ

- સમાધાન પ્રક્રિયાનો ખુલાસો કરશે
- ટ્રીબ્યુનલ્સ સંચાલન માર્ગનો, અને સમાન સંજોગોમાં દાવાનો ચુકાદો આપવામાં તેઓ શું ધ્યાને લે છે તેનો ખુલાસો કરશે
- વિકલ્પોની ચર્ચા કરશે
- માલિક અને કર્મચારીના રસ અને મુદ્દાઓ, સ્થિતિઓ અને ઇરાદાઓની સ્પષ્ટતાની મદદ માટે પ્રશ્નો પૂછશે
- કેસના અન્ય મુદ્દાઓ સમજવા માટે દરેક વ્યક્તિને સહાય કરશે, અને
- માલિક અને કર્મચારી વચ્ચે સમાધાન માટે કોઇ દરખાસ્તોની રજુઆત કરશે.

સમાધાનકર્તા આમ કરશે નહીં:

- કેસ વિશે ચુકાદો, અથવા સુનાવણીનું સંભવિત પરિણામ જણાવવું
- નિરાકરણ માટેની કોઇ દરખાસ્તો સ્વીકારવી કે નહીં તે વિશે માલિક અથવા કર્મચારીને સલાહ આપવી
- પ્રતિનિધિ તરીકે કાર્ય કરવું અથવા કોઇ રીતે પક્ષો લેવા.

6 ACAS (એકાસ) કેવી રીતે મદદ કરી શકશે

રજુઆત વિશે શું?

જો તમે તમારા માટે કાર્ય કરવા માટે કોઇ પ્રતિનિધિની નિમણૂક કરો તો અમે તેમની સાથે સમાધાન કરીશું. તમારા પ્રતિનિધિ તમારા વતી સમાધાન માટે સંમત થઇ શકશે. પતાવટો કાનુની દ્રષ્ટિએ બંધનકર્તા હોવાથી, તમારી જરૂરિયાતો તમારા પ્રતિનિધિ સંપૂર્ણ રીતે સમજે તેની ખાતરી કરવી આવશ્યક છે, તમારા વતી કરારમાં પ્રવેશ માટે તમારી સત્તા દર્શાવેલ હોય, અને તમારી સાથે નિયમિત સંપર્કમાં હોય આથી સમાધાનમાં કોઇ પ્રગતિ થાય તો તમને ખ્યાલ રહે.

ACAS (એકાસ) દ્વારા હું ફરિયાદનું નિરાકરણ લાવું તો શું થશે?

જો તમે ACAS (એકાસ) દ્વારા ફરિયાદનું નિરાકરણ લાવો, કરાર કાનુની રીતે બંધનકર્તા રહેશે અને કોઇ એમ્પ્લોયમેન્ટ ટ્રીબ્યુનલ દાવો આ બાબતે કરી શકાશે નહીં. કરારો લેખિતમાં કાનુની રીતે બંધનકર્તા રહેશે નહીં, પરંતુ સમાધાનકર્તા ACAS (એકાસ) પત્રક પર કરારની શરતોની નોંધ કરશે અને કરારના પુરાવા તરીકે માલિક અને કર્મચારીને સહી કરવા માટે મોકલશે.

જો અમે કરાર ન કરી શકીએ તો શું થશે?

એમ્પ્લોયમેન્ટ ટ્રીબ્યુનલમાં દાવો દાખલ કરવાની કર્મચારી ઇચ્છા ધરાવે છે કે નહીં તેનો નિર્ણય કર્મચારીએ કરવાનો રહેશે. જો તેઓ આમ કરે, તો ટ્રીબ્યુનલની સુનાવણી માટેની જરૂરિયાત વિના બાબતનું નિરાકરણ લાવવાના હેતુથી ACAS (એકાસ) સમાધાન રજુ કરવાનું ચાલુ રાખશે.

માહિતી

સલાહ

તાલીમ

તમારી સાથે કાર્ય

હું કેવી રીતે વધુ માહિતી અથવા સલાહ મેળવી શકું?

જો તમે પહેલાંથી જ કોઇ ACAS (એકાસ) સમાધાનકર્તા સાથે વાત કરેલ હોય, તો તમારી પરિસ્થિતિને અનુકૂળ માહિતી અને સલાહના સ્ત્રોતનલ તમે શોધ કરી શો તે માટે તેઓ તમને મદદ કરી શકશે. જો આમ ન હોય તો, નીચેની બાબતે સહાયક થઇ શકશે:

- ACAS (એકાસ) હેલ્પલાઇન (08457 47 47 47) રોજગાર અધિકારો વિશે માહિતી અને સલાહ આપી શકશે, પરંતુ ટ્રીબ્યુનલ સમક્ષ દાવો તૈયાર કરવા કે રજુ કરવામાં મદદ કરી શકશે નહીં.

- મફત સલાહ માટે નેશનલ મીનીમમ વેજ, એગ્રીકલ્ચર મીનીમમ વેજ, એમ્પ્લોયમેન્ટ એજન્સીઝ, વર્કિંગ ટાઇમ લીમીટ્સ, અને ગેંગમાસ્ટર માટે કાર્ય વિશેની ગેરવર્તણૂકનો અહેવાલ આપવા માટે તમે પે એન્ડ વર્ક રાઇટ્સ હેલ્પલાઇનને કલ કરી શકશો. ટેલીફોન નંબર 0800 917 2368 છે, અથવા ટેક્સ્ટફોન 0800 121 4042 અને http://payandworkrightscampaign.direct.gov.uk/index.html

- ગુણવત્તાયુક્ત ન્યાયપ્રક્રિયા અને સારી વર્તણૂક વિશે ઇક્વાલીટી ડાયરેક્ટ (08456 00 34 44) કર્મચારીને (હાલમાં માત્ર ઇંગ્લેન્ડમાં) વિના મૂલ્યે સલાહ આપી શકશે.

- સમાન પગાર અને તમામ અસમાનતા વિશે ધી ઇક્વીટી એન્ડ હ્યુમન રાઇટસ કમિશન (EHRC) વિના મૂલ્યે સહાય અને સલાહ આપી શકશે. વધુ માહિતી માટે 0845 604 (ઇંગ્લેન્ડ માટે 6610 ; સ્કોટલેન્ડ માટે 5510; અને વેલ્સ માટે 8810) પર કોલ કરો અને તમારી નજીકની ઓફિસની વિગતો મેળવવા માટે www.equalityhumanrights.com પર જાવ.

- ટ્રેડ યુનિયનો અને કર્મચારી સંગઠનો તેમના સભ્યોને સલાહ અને સહાય આપી શકે છે.

- સીટિઝન્સ એડવાઇઝ બ્યુરોક્ષ, વકિલો, કાયદા કેન્દ્રો અને અન્ય ખાસ સલાહકારો રોજગાર હક્કો અને સંભવિત દાવાઓ વિશે તમામ બાબતે સલાહ અને પ્રતિનિધિત્વ પૂરું પાડી શકશે.

- ધી એમ્પ્લોયમેન્ટ ટ્રીબ્યુનલ્સ જાહેર પૂછપરછ લાઇન (ફોનઃ 0845 795 9775; મીનીકોમઃ 0845 757 3722) ટ્રીબ્યુનલ વ્યવસ્થા કેવી રીતે કાર્ય કરે તેનો ખુલાસો કરી શકશે અને ટ્રીબ્યુનલ પ્રકાશનો વિશે માહિતી આપી શકશે. તેઓ કોઇ કાનુની સલાહ આપી શકશે નહીં, જેમે દાવા કે પ્રતિકાર વિશે સલાહ. માલિકો અને કર્મચારીઓ વિશે એમ્પ્લોયમેન્ટ ટ્રીબ્યુનલ્સની વેબસાઇટ www.employmenttribunals.gov.uk પણ આવશ્યક માહિતી ધરાવે છે.

8 ACAS (એકાસ) કેવી રીતે મદદ કરી શકશે

મુદ્રીત માહિતી

ટ્રેડ યુનિયન્સ, કર્મચારી મંડળો, સિટીઝન્સ એડવાઈઝ બ્યુરોક્ષ અને કાયદા કેન્દ્રો પરથી ટ્રીબ્યુનલ પ્રક્રિયાઓ વિશે માહિતી આપતી પત્રિકાઓ ઉપલબ્ધ છે.

ડેટા પ્રોટેકશન એક્ટ 1998

કોઇ રોજગાર હક્ક વિશે ફરિયાદ હોય અથવા તમારે કોઇને જવાબ આપવાનો હોય, તો અમને આપેલ તમારા વિશેની માહિતી ACAS (એકાસ) કોમ્પ્યુટર પર મૂકશે. આ અમને પ્રગતિ અને પ્રક્રિયા માહિતી પર દેખરેખ રાખવામાં સહાય કરશે. ડિપાર્ટમેન્ટ ફોર બિઝનેસ, ઇનોવેશન એન્ડ સ્કીલ્સ (BIS) ને માહિતી મોકલવામાં આવી શકે છે.

અને અંતે.....

તમામ સમયે સેવાનું ઉચ્ચ ધોરણ પૂરું પાડવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીએ છીએ પરંતુ તમે મેળવેલ સેવાથી જો તમે સંતુષ્ટ ન થાવ તો, તમારા કેસના સંચાલના માટે તમારે ડાયરેક્ટર ઓફ ACAS (એકાસ) ઓફીસને લખવું જોઇએ. આ પત્રિકાના પાછળના ભાગે મુખ્ય ACAS (એકાસ) ઓફીસોના સરનામાં આપવામાં આવેલ છે.

માહિતી

સલાહ

તાલીમ

તમારી સાથે કાર્ય

અંતિમ પુનર્મુદ્રણ સમયે આ પુસ્તિકાની માહિતી આધુનિક કરવામાં આવી છે - પાછળ જૂઓ.

ACAS (એકાસ) સુદ્રઢ રોજગાર સંબંધો દ્વારા સંસ્થાઓ અને કાર્યકારી જીવન સુધારવાનું લક્ષ્ય ધરાવે છે. અમે આધુનિક માહિતી, સ્વતંત્ર સલાહ, ઉચ્ચ કક્ષાની તાલીમ પૂરી પાડીએ છીએ અને મુશ્કેલીઓનું નિરાકરણ લાવવા અને કાર્યક્ષમતા સુધારવા માટે અમે માલિકો અને કર્મચારીઓ સાથે કાર્ય કરીએ છીએ.

અમે એક સ્વતંત્ર, જાહેર ભંડોળ ધરાવતી સંસ્થા છીએ અને અમારી ઘણી સેવાઓ મફત છે.

એપ્રિલ 2009

તમારી રોજગાર સંબંધ જરૂરિયાતો માટે ACAS (એકાસ) મદદ કરી શકશે

દર વર્ષે ACAS (એકાસ) સંખ્યાબંધ કાર્યસ્થળોએ માલિકો અને કર્મચારીઓને મદદ કરે છે. તેનો અર્થ એ છે કે અમે હાલના રોજગાર સંબંધ મુદ્દાઓથી પરીચિત રહીએ છીએ જેમ કે – શિસ્ત અને પીડા સંચાલન, અસમાનતા રોકવી અને કાર્યસ્થળોએ અસરકારક સંદેશાવ્યવહાર કરવો. અમારો તમામ વ્યવહારિક અનુભવનો ઉપયોગ તમારી સંસ્થા માટે – તમારા માટે અમે શું કરી શકીએ તેની તપાસ કરવામાં કરીએ છીએ.

અમે માહિતી આપીએ છીએ

અમે તમારા પ્રશ્નોના જવાબ આપીએ છીએ, તમને આવશ્યક હકિકતો આપીએ છીએ અને તમારા વિકલ્પો વિશે ચર્ચા કરીએ છીએ. ત્યારબાદ તમે માહિતીપ્રદ નિર્ણયો લઇ શકશો. વ્યવહારમાં રોજગાર હક્ક ન્યાયપ્રક્રિયમાં શું અંતિમ છે તે જાળવવા માટે અમારો સંપર્ક – તે તમારું અંતિમ થાય તે પહેલાં. અમારી હેલ્પલાઇનનો 08457 47 47 47 પર સંપર્ક કરો અથવા અમારી વેબસાઇટ www.acas.org.uk ની મુલાકાત લો

અમે સલાહ અને માર્ગદર્શન આપીએ છીએ

તમારી સંસ્થામાં સારાં સંબંધો જાળવી રાખવા માટે અને સ્થાપના માટે અમે વ્યવહારિક માહિતી તમને આપીએ છીએ. વેબસાઇટ પર અમારા પ્રકાશનો જુઓ અને સ્થાનિક ACAS (એકાસ) સલાહકર્તાનો સંપર્ક કરવા માટે અમારી હેલ્પલાઇનનો સંપર્ક કરો. અમારી ઇક્વીટી ડાયરેક્ટ હેલ્પલાઇન 08456 00 34 44 સમાનતા મુદ્દાઓ પર સલાહ આપે છે, જેમ કે ભેદભાવ.

અમે તાલીમ આપીએ છીએ

નવી ન્યાયપ્રક્રિયાના મુખ્ય મુદ્દાઓ પર બે-કલાકના સેશન દ્વારા અથવા તમારી સંસ્થામાં નિમણૂક પામેલ લોકો માટે ખાસ તૈયાર કરવામાં આવેલ અભ્યાસક્રમોમાં લોકોને રોજગાર આપીને, અમે તમને અનુકૂળ તાલીમ આપીએ છીએ. ACAS (એકાસ) થી અધિક અન્યો પણ આ પ્રકારની સેવાઓ પૂરી પાડી શકે છે. તમારા વિસ્તારમાં શું આવી રહ્યું છે અને અમારી તૈયાર કરવામાં આવેલ સેવાઓ વિશે તમારી સ્થાનિક ACAS (એકાસ) ઓફિસ પર વાત કરવા અથવા બુક કરાવવા માટે અમારી વેબસાઇટ - www.acas.org.uk/training જુઓ.

તમારી સાથે કાર્ય

તમારા વ્યવસાયમાં તમારા પ્રશ્નોના નિરાકરણમાં મદદ અને સહાય માટે અમે વ્યવહારિક મદદ પણ હાથ ધરીએ છીએ.આમ અમારી એક ખૂબ જાણીતી સમસ્યા-ઉપાય સેવાઓમાંથી એક દ્વારા થશે અથવા એક કાર્યક્રમ કે જેને અમે અસરકારક રોજગાર સંબંધો માટે તમારા વ્યવસાયને નિશ્ચિત રીતે વ્યવસ્થિત કરવા માટે તેયાર કર્યો છે. તમારે અમારા ACAS (એકાસ) સલાહકર્તાને મળવાની અને કોઇ રીતે આગળ વધતા પહેલાં ચોક્કસ ચર્ચા કરવાની રહેશે.

Acas National
(એકાસ નેશનલ)
22nd Floor, Euston Tower,
286 Euston Road, London NW1 3JJ

East Midlands
(ઇસ્ટ મિડલેન્ડઝ)
Lancaster House, 10 Sherwood Rise,
Nottingham NG7 6JE

East of England
(ઇસ્ટ ઓફ ઇંગ્લેન્ડ)
Acas House, Kempson Way, Suffolk Business Park, Bury St. Edmunds,
Suffolk IP32 7AR

London
(લંડન)
23rd Floor, Euston Tower,
286 Euston Road, London NW1 3JJ

North East
(નોર્થ ઇસ્ટ)
Cross House, Westgate Road,
Newcastle upon Tyne NE1 4XX

North West
(નોર્થ વેસ્ટ)
Commercial Union House,
2-10 Albert Square, Manchester M60 8AD

Pavilion 1, The Matchworks, Speke Road,
Speke, Liverpool L19 2PH

હેલ્પલાઇન 08457 47 47 47

08456 06 16 00
મીનીકોમ ઉપયોગકર્તા માટે

08456 00 34 44
કાર્યસ્થળે સમાનતા સંચાલન
વિશેના પ્રશ્નો માટે

Scotland
(સ્કોટલેન્ડ)
151 West George Street, Glasgow G2 2JJ

South East
(સાઉથ ઇસ્ટ)
Cygnus House, Ground Floor, Waterfront
Business Park, Fleet, Hampshire GU51 3QT

Suites 3-5, Business Centre,
1-7 Commercial Road, Paddock Wood,
Kent TN12 6EN

South West
(સાઉથ વેસ્ટ)
The Waterfront, Welsh Back,
Bristol BS1 4SB

Wales
(વેલ્સ)
3 Purbeck House, Lambourne Crescent,
Llanishen, Cardiff CF14 5GJ

West Midlands
(વેસ્ટ મિડલેન્ડઝ)
Apex House, 3 Embassy Drive,
Calthorpe Road, Egbaston,
Birmingham B15 1TR

Yorkshire & Humber
(યોર્કશાયર એન્ડ હમ્બર)
The Cube, 123 Albion Street,
Leeds LS2 8ER

www.acas.org.uk
04/09